**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૭ ટકા

## રોટરી ક્લબ ઓફ કેપિટલ ગાંધીનગરના નવા વર્ષના પદાધિકારીઓનો પદ ગ્રહણ સમારોહ યોજાયો



ગાંધીનગર, તા.૩

૫૬ ભોગ, બેક્વેટ, સરગાસણ ખાતે યોજાયેલ આ સમારોહમાં મુખ્ય અતિથિ પદે ગાંધીનગર (ઉત્તર) ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે તેઓએ રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગર સાથે વિવિધ કાર્યક્રમોમાં હાજર રહેવાના કારણે પારિવારિક સંબંધો વિકસ્યા હોવાનું જણાવી કલબની સેવાકીય પ્રવૃત્તિઓ ને બિરદાવી હતી. તેઓએ સ્ત્રી સશકિતરણ તથા બાળકોને સબંધિત કાર્યક્રમો કરવા તથા વૃક્ષા રોપણ ના ઉછેર પરત્વે વિશેષ ધ્યાન રાખવા પણ સૂચન કર્યું હતું. તેઓની સાથે આ ક્લબના રોટેરીયન અને કોર્પોરટર શ્રીમતી સોનાલી પટેલ પણ હાજર રહ્યા હતાં. અતિથિ વિશેષ પદે ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન ના ખાસ ફરજ પરના અધિકારી શ્રી રમેશ આર.ઠક્કર, જી.એ.એસ. એ પણ હાજર રહી ગત વર્ષની ટીમની કામગીરીની સરાહના કરી, નવી ટીમને શુભેચ્છા તથા અભિનંદન પાઠવ્યાં હતાં.

આ પ્રસંગે રોટરી કલબ ડિસ્ટ્રીક્ટ ૩૦૫૫ ના ડીજીએન નિગમ ચૌધરીએ ક્લબના નવ નિયુક્ત પ્રેસિડેન્ટ રોટે. રાજીવ ભંડારી, સેક્રેટરી રોટે. અશ્વિન શર્મા અને નવા નિયુક્ત થયેલ હોદ્દેદારોની શપથ વિધિ સંપન્ન કરી આ હોદ્દેદારોને પોતાની ફરજો અને સેવાઓ પરત્વે નિષ્ઠા દાખવી સંપૂર્ણ વર્ષ દરમ્યાન રોટરી નાં કાર્યોમાં સંલગ્ન રહેવા સૂચન કરી, અભિનંદન પાઠવ્યા હતાં. ક્લબ ના નવા પ્રવેશ પામેલ સભ્યો શ્રી હર્ષદ ચોકસી તથા શ્રી પ્રકાશ ભગવાનાની ને ડીસ્ટરીક્ટ ઝોન - ૮ ના આસી. ગવર્નર પલક શાહે રોટેરિયન તરીકે હોદ્દા ના શપથ ગ્રહણ કરાવી, અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે પરમ આદરણીય બ્રહ્માકુમારી પૂજ્ય કૈલાસ દીદીએ પણ હાજરી આપી, આશીર્વચન પાઠવ્યાં હતાં. શપથ વિધિ કાર્યક્રમ માં દહેગામ અને ગાંધીનગર કલબના પ્રેસિડેન્ટ અને હોદ્દેદારોએ હાજર રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

### સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં

# ઉદયભાણસિંહજી ક્ષેત્રીય સહકાર પ્રબંધ સંસ્થાનની ૧૬મી પીજીડીએમ એબીએમની બેચનો ઉદઘાટન સમારંભ યોજાયો

**સહકારી ક્ષેત્ર થકી યુવાનોને રોજગારની અમૂલ્ય તકો મળી રહે તે દિશામાં કાર્ય કરવા માટે આ સરકાર કટિબધ્ધ છે : દૂધ ઉત્પાદન કરતી મહિલાઓ રવિવારની રજા રાખતી નથી, પણ પોતાની રોજગારીને પ્રાધાન્ય આપે છે**



ગાંધીનગર, તા.૩

ચીજ વસ્તુની કોસ્ટ મેનેજમેન્ટ આગામી દિવસમાં ખૂબ મહત્વની બાબત બનશે, તેવું સહકાર રાજય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ ઉદયભાણસિંહજી ક્ષેત્રીય સહકાર પ્રબંધ સંસ્થાન, સેકટર- ૩૦ ખાતે ૧૬મી પીજીડીએમ એબીએમની બેચના ઉદઘાટન સમારંભમાં જણાવ્યું હતું. સહકાર રાજય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું હતુ કે, એક કિલો ઘઉં – ચોખા ઉગાડવામાં કેટલું પાણી જરૂરી છે, કેવી રીતે ઓછા પાણીમાં વધુ ઉત્પાદન મેળવી શકાય તે માટે સારું ડ્રીપ ઈરીગેશન મેનેજમેન્ટ હવે, પછીના સમયમાં જરૂરી બનશે. પ્રાકૃતિક ખેતીની વાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, સમગ્ર વિશ્વમાં પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનની માંગ વધી રહી છે. ગુજરાતમાં ડાંગ જિલ્લાને પ્રાકૃતિક ખેતી કરતા જિલ્લા તરીકે જાહેર કરવામાં આવ્યો છે. સહકારી ક્ષેત્ર થકી યુવાનોને રોજગારની અમૂલ્ય તકો મળી રહે તે દિશામાં કાર્ય કરવા માટે આ સરકાર કટિબધ્ધ છે, તેવું કહી તેમણે જણાવ્યું હતું કે, હવે, ઈનોવેટિવ કો.ઓ. મંડળીઓનું પણ રજિસ્ટ્રેશન કરવામાં આવે છે. આ પ્રકારની મંડળીની રચના કરી આપ સંગઠિત થઈને કોઈપણ રોજગારલક્ષી કામ કરી શકો છો. હાલમાં આવી મંડળી રચીને કામ કરતા નવયુવાનોની દષ્ટાંતપૂર્વક વાત પણ કરી હતી. રાજયમાં આજે ૨.૫૦ કરોડ લિટર દૂધનું ઉત્પાદન થાય છે. આ કાર્યમાં મોટા ભાગે મહિલાઓ જોતરાયેલી છે. દૂધ ઉત્પાદન કરતી મહિલાઓ રવિવારની રજા રાખતી નથી, પણ પોતાની રોજગારીને પ્રાધાન્ય આપે છે. આ પ્રસંગે સંસ્થાના ડાયરેકટર શ્રી ડૉ. એ.કે. અસ્થાનાએ સર્વે મહાનુભાવો અને વિદ્યાર્થીઓનું સ્વાગત કરી જણાવ્યું હતું કે, સંસ્થાના સ્થાપના પાછળના ઉમદાભાવથી સર્વે વિદ્યાર્થીઓને વાકેફ કર્યા હતા. તેમજ સંસ્થામાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોની પણ માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે પીજીડીએમ એબીએમના ડારેકટર શ્રી નિલુ પાંડે આભારવિધી કરી હતી. આ પ્રસંગે મંત્રીશ્રી સહિત સર્વે મહાનુભાવોએ વિદ્યાર્થીઓને તેમના સુવર્ણ ભવિષ્ય માટેની શુભકામનાઓ પાઠવી હતી.

## જન્મદિને વધામણી



રશ્મિકુંવરબા છત્રસિંહ ચૌહાણ



ઘનશ્યામદાસ લુલ્લા



કુણાલભાઈ એસ.ત્રિવેદી
મો : ૯૯૭૯૭ ૦૬૫૭૭

### મહિલા સ્વાવલંબન દિવસ અંતર્ગત

# નારી વંદના ઉત્સવ નિમિત્તે મહિલા સ્વરોજગાર મેળો

**ગાંધીનગર રોજગાર કચેરી ખાતે ૩૫૦થી વધુ બહેનો સ્વરોજગાર મેળામાં સહભાગી બની**





ગાંધીનગર,ગુરૂવાર

ગાંધીનગર જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી અને મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. દ્વારા સેક્ટર-૧૨, બલરામ ભવન ખાતે મહિલા સ્વરોજગાર મેળો યોજાયો હતો. જેમાં અંદાજે ૩૫૦થી વધુ બહેનો હાજર રહી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓને પગભર કરી સમાજમાં સમાન દરજ્જો સ્થાપિત કરવાનો છે. મહિલા સ્વાવલંબન દિવસે રોજગાર કચેરી ગાંધીનગરના કર્મચારીઓએ હાજર રહી મહિલાઓને રોજગારીની તકો અને તેમાં સરકારની સહાય અંગે વિશેષ માહિતી આપી હતી. તદ્ઉપરાંત ભ્રૂણ હત્યા તથા અભયમની કામગીરી દર્શાવતું નાટક દર્શાવી મહિલાઓને આ વિશે સજાગ બનાવવાનો પ્રયાસ થયો હતો. આ સ્વરોજગાર મેળામાં ટેક મહેન્દ્રા લિ., એમ.સી.બી.એસ પ્રાઈવેટ લિ., એક્યુમેક્ષ, નિરમા લિ. , ડી-માર્ટ ,સુમન સીટી , એડીએસ ફાઉન્ડેશન, એલ.આઈ.સી ઓફ ઈન્ડિયા પ્રાઈવેટ લિ. જેવી કંપનીઓ જો પ્લેસમેન્ટ માટે હાજર રહી હતી. જે અંતર્ગત હાજર મહિલાઓમાંથી ૧૩૮ બહેનોનું સ્થળ પર જ પ્રાથમિક કન્ફર્મેશન થયું હતું.

## મહિલા મોરચાના ઉપાધ્યક્ષ તથા મનપા વોર્ડ નં. ૮ ના કોર્પોરેટર મધ્યપ્રદેશ વિધાનસભામાં પ્રવાસી કાર્યકર્તા તરીકે બે દિવસ ના પ્રવાસે



ગાંધીનગર, તા.૩

ભારતીય જનતા પાર્ટી રાષ્ટ્રીય મહિલા મોરચાની યોજના અનુસાર ગુજરાત પ્રદેશ મહિલા મોરચાના ઉપપ્રમુખ શ્રી અરુણાબેન ચૌધરી તથા વોર્ડ નંબર ૮ ના મહિલા કોર્પોરેટર સુ.શ્રી છાયા ત્રિવેદી આ બંને મહિલાઓએ અલીરાજપુર જિલ્લામાં બંને વિધાનસભામાં આવતા તમામ મંડળના મહિલા હોદ્દેદારો તથા કાર્યકર્તાઓની ટીમ સાથે મુલાકાત તથા સંવાદ, સ્વ સહાય જૂથની મહિલાઓની ટીમ સાથે સંવાદ , નવા મતદાર તરીકે જોડાવાની છે તેવી યુવતીઓ સાથે સંવાદ, લાભાર્થી મહિલાઓ સાથે સંવાદ, કન્યા શાળા તેમજ છાત્રાલયની મુલાકાત લઈ કન્યાઓ સાથે સંવાદ, વડીલો સાથે સંવાદ, મોટા અનાજ ના વહેપારીઓ સાથે મુલાકાત તેમજ સંવાદ, આંગણવાડી કેન્દ્રની મુલાકાત, સરકારી હોસ્પિટલની મુલાકાત, ચંદ્રશેખર આઝાદ ના ગામ તથા જન્મસ્થળ ની મુલાકાત લીધી, આયુષ્માન ભારત કાર્ડ ના લાભાર્થીઓ સાથે સંવાદ કરી અરુણાબેન ચૌધરી દ્વારા તમામ મહિલાઓને ખૂબ જ સરસ રીતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલું હતું, આમ રાષ્ટ્રીય સ્તરેથી અપાયેલ કાર્યક્રમ અનુસાર બંને વિધાનસભામાં દરેક મહિલાઓને મળીને ભારતીય જનતા પાર્ટીના વ્યાપ વધારવા માટેનો સર્વે કરવામાં આવ્યો હતો.

## ગાંધીનગરના જન્મ દિવસની મધર્સ પ્રાઈડ સ્કૂલ ખાતે પારસમણી ફાઉન્ડેશન દ્વારા ઊજવણી થઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના ૫૯મા જન્મ દિવસની ઉજવણી નિમિત્તે મધર્સ પ્રાઈડ સ્કૂલ લેકાવાડા ખાતે હરિયાળા વાતાવરણ વચ્ચે ‘ગ્રીન ગાંધીનગર’ થીમ પર ચિત્ર સ્પર્ધાનું આયોજન પારસમણી ફાઉન્ડેશન અને સાંજ ઈ મેગૅઝિન દ્વારા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સરસ મજાની ચિત્ર સ્પર્ધામાં ૧૨૦ બાળકોએ ભાગ લીધો હતો જ્યારે ફાઈનલ રાઉન્ડમાં ૨૦ બાળકોના ચિત્રો પસંદ કરી એમાંથી વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ગાંધીનગરની સીમમાં લેકાવાડા ખાતે કુદરતી વાતાવરણમાં આવેલી મધર્સ પ્રાઈડ સ્કૂલને મેનેજીંગ ડિરેક્ટર નીલેશ પટેલની દેખરેખ હેઠળ તૈયાર થાયેલી હરિયાળી સ્કૂલને ગ્રેટ ગ્રીન સ્કૂલનો એવોર્ડ મળ્યો છે.




ગાંધીનગર શહેરના ૫૯મા જન્મ દિવસની ઊજવણી ઈનામ વિતરણ સમારોહ માટે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબહેન પટેલ, પારસમણી ફાઉન્ડેશનના અધ્યક્ષ અને ગાંધીનગર સાહિત્યસભાના પૂર્વ અધ્યક્ષ સંજય થોરાત અને સાંજ ઈ મેગૅઝિનના નિર્મલ તલાટી હાજર રહ્યાં હતાં. જેમના હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા કુમકુમ તિલક કરી સ્વાગત અને ત્યારબાદ સ્વાગત નૃત્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી રીટાબહેન પટેલ પટેલે વિદ્યાર્થીઓને ભારતના ભવિષ્ય ગણાવી એમના તરફથી દેશને ખૂબ અપેક્ષા છે એમ જણાવી એમનું શ્રેષ્ઠ યોગદાન દેશ માટે આપે એવી શુભકામનાઓ પાઠવી હતી. શાળાના આચાર્ય શ્રીમતી વૈશાલી બેલાણી દ્વારા સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું જ્યારે નેહા ગઢવી દ્વારા મહેમાનોનો પરિચય આપવામાં આવ્યો હતો. ચિત્ર સ્પર્ધાના આયોજન માટે શાળાની શિક્ષિકાઓ કોમલ તલાટી, અંકિતા ચૌધરી, રંજન ચૌધરી એ યોગદાન આપ્યું હતું. ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને ધારાસભ્ય શ્રીમતી રીટાબહેન પટેલ, સંજય થોરાત અને નિર્મલ તલાટી દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા. મધર્સ પ્રાઈડ સ્કૂલના સલોની પટેલ દ્વારા મહેમાનોનો આતિથ્ય સત્કાર કરવામાં આવ્યો હતો. ગ્રીન સ્કૂલની ઓળખ ધરાવતી મધર્સ પ્રાઈડ સ્કૂલ દ્વારા મહેમાનોનું સ્વાગત ગ્રીન પ્લાન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. ગાંધીનગર શહેરનો જન્મ દિવસ યાદગાર રીતે ઉજવવામાં આવ્યો હતો.

## જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે ગાંધીનગરના સ્થાપના દિન નિમિત્તે વકૃત્વ સ્પર્ધા



ગાંધીનગર, તા. ૩

સેક્ટર-૭ સ્થિત જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે ગાંધીનગરના ૫૯માં સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધોરણ-૮ના ૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય અંજનાબેન ચૌધરીએ શહેરના સ્થાપના દિવસની સવિસ્તાર માહિતી આપી હતી. જ્યારે શીતલબેન ચૌધરી અને રમીલાબેન ચૌધરીએ પણ વિદ્યાર્થીઓને સ્થાપના દિવસની સમજણ પુરી પાડી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષિકા બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું.



જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર સાહેલી તથા કેપીટલ સાહેલી ના ઉપક્રમે સ્ત્રી સશક્તિકરણ તથા લવજેહાદ અવેરનેસ પ્રોગ્રામ બનાવી પ્રાઈવેટ બસમાં લઈ જઈ નાસ્તાના આયોજન સાથે યુવાન બાળકીઓ તથા સાહેલી બહેનો મળી ૮૬ થી વધુ બહેનોને "ધ કાશ્મીર" મુવી પેથાપુર થીયેટરમાં બતાવવાના સુંદર કાર્યક્રમ નુ આયોજન કર્યું.જેમાં અંદાજીત ૪૦૦૦/-રુપિયા જેટલો ખર્ચ થયેલ

## શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટલ કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૭ સ્થિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં તાજેતરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. એન.એસ.એસ. યુનિટ દ્વારા આયોજીત વૃક્ષારોપણ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીના હસ્તે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય દ્વારા વૃક્ષારોપણ કરી તેના વિશે માહિતી પુરી પાડી હતી. એન.એસ.એસ. યુનિટની સ્વયંમ સેવિકા બહેનો દ્વારા પણ વિવિધ ઉપયોગી વૃક્ષોનું વાવેતર કરાયું હતું. આ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડૉ. તારાબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.



## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ચૌહાણ જેસંગજી બબાજી ઉ.વ.૬૮, સાણોદા, દહેગામ
- સ્વ.ઠાકોર દિનેશજી રતાજી ઉ.વ.૪૫, સાદરા
- સ્વ.ઠાકોર વિષ્ણુજી મનસાજી ઉ.વ.૩૮, બોરીજ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક